# ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

## મધુર ડેરી–ગાંધીનગર

ક્રમાંકઃગાં.દૂ.સંઘ/પ્રોક્યોરમેન્ટ/દૂધભાવ/૨૦૧૭/ ૧૫૩૫ — તા.૧૫–૩–૨૦૧૭

આથી સર્વે દૂધ ઉત્પાદક સહકારી મંડળી ઓને જણાવવાનું કે તા.૨૧–૩–૧૭ ની સવારથી ફરીથી જણાવવામાં ન આવે ત્યાં સુધી સારા દૂધના ભાવદર કિલોફેટના **કમીશન સાથે રૂા.૬૭૫/૦૦** નીચે મુજબ રહેશે.

| પ્રકાર | ફેટ ટકા | એસ.એન.એફ. | સારું દૂધ રૂા.પૈ. | ખાટું દૂધ રૂા.પૈ. | દહીં રૂા.પૈ. |
|---|---|---|---|---|---|
| ભેંસનું દૂધ | ૫.૫ અને ઉપર | ૯.૦૦ અને ઉપર | ૬૭૦.૦૦ | ૩૩૫.૦૦ | ૧૬૭.૫૦ |
| | ૫.૦ થી ૫.૪ | ૯.૦૦ અને ઉપર | ૬૩૬.૫૦ | ૩૩૫.૦૦ | ૧૬૭.૫૦ |
| ગાયનું દૂધ | ૩.૫ અને ઉપર | ૮.૫ અને ઉપર | ૩૧૪.૦૩ | ૧૫૭.૦૧ | ૭૮.૫૦ |
| | ૩.૦૦ થી ૩.૪ | ૮.૫ અને ઉપર | ૨૯૮.૩૨ | ૧૫૭.૦૧ | ૭૮.૫૦ |

૦–૮.૭થી ૮.૯ એસ.એન.એફ. વાળા ભેંસના દૂધના ભાવ **પ્રતિ કિલોફેટના રૂા.૫૦૨.૫૦ પ્રમાણે** ચુકવવામાં આવશે.
૦–૮.૨થી૮.૪ એસ.એન.એફ. વાળા ગાયના દૂધનો ભાવ **૨૩૫.૫૨ સમતુલ્ય કિલોફેટ પ્રમાણે** ચુકવવામાં આવશે.

ભેંસના દૂધનો ફેટ ૫–૦૦% કરતાં ઓછો અને ગાયના દૂધનો ફેટ ૩.૦૦% કરતાં ઓછા હશેતો સારા દૂધનો ચોથો ભાગ ગણી રકમ ચુકવવામાં આવશે.

ઉપરોકત ધોરણ કરતાં નીચા પ્રકારના હલકા દૂધના,ખાટા દૂધના તથા દહીના નાણાં સંઘમાં આવેલ સારા દૂધના ભાવનો ચોથો ભાગ ગણી ચુકવવામાં આવશે.

(૧) ઉપરોકત ભાવો કામચલાઉ છે. તા. ૧/૪/૨૦૧૬ થી દૂધના ભાવ કામચલાઉ બાંધવામાં આવે છે. મંડળીઓએથી આવતા દૂધમાં થી સંઘને ઉપજેલા નાણાં ધ્યાનમાં લીધા બાદ વર્ષ આખરે છેવટના ભાવથી વધ/ઘટ નકકી કરી જણાવવામાં આવશે.
(૨) મંડળીઓએ દૂધ ઉત્પાદકોને ચુકવવામાં આવતાં ભાવ માટેનો કોઠો આ સાથે સામેલ રાખવામાં આવે છે.
(૩) મંડળીઓએથી મોકલાવેલ દૂધ સંઘમાં કોઈ કારણસર વપરાશ માટે હાનિકારક જણાશેતો તે દૂધ સંઘમાં સ્વીકારવામાં આવશે નહિ. અને તે દૂધનો મંડળીઓને અગાઉથી જાણ કર્યા વગર નાશ કરવામાં આવશે.તે દૂધ પેટે સંઘમાંથી મંડળી નેકોઈ કિંમત ચુકવવામાં આવશે નહિ. આવા નાશ કરવામાં આવેલ દૂધ અંગેનો સંઘની લેબોરેટરીનો નિર્ણય આખરી રહેશે.
(૪) ભેંસના સારા દૂધમાં એસ.એન.એફ.નું પ્રમાણ જાળવવા માટે લેકટોમીટરનો આંક(૭૦ ફે.ઉષ્ણતામાને) અને ફેટનો સરવાળો ૩૬ અથવા ૩૬ કરતાં વધું થવો જોઈએ અને ગાયના સારા દૂધમાં લેકટોમીટર આંક(૭૦ ફે.ઉષ્ણતામાને) અને ફેટનો સરવાળો ૩૪ અથવા ૩૪ કરતાં વધુ થવો જોઈએ.
(૫) દૂધમાં એસ.એન.એફ. પ્રમાણસર છે તેની ચકાસણી માટે દૂધ લેતી વખતે લેકટોમીટરનો ઉપયોગ કરી દૂધની ચકાસણી મંડળી ઉપરજ કરવી ફરજીયાત છે. સંઘમાં ચકાસણી કરતાં ભેંસ/ગાયના દૂધના કેનમાં લેકટોમીટર આંક નિયત ધોરણ કરતાં ઓછો હશે તો તે ભેળસેળ વાળું હલકું દૂધ ગણીને નાણાં ચુકવવામાં આવશે.
(૬) દૂધ મંડળીઓને ભેંસના દૂધમાં કિલો ફેટે૬૭૫/રૂા.કમીશન સાથે તથા ગાયના દૂધ નો ભાવ કિલો ફેટે રૂા.૩૧૬.૫૩(કમીશન ) સાથે રહેશે. જેમાં દૂધ મંડળી ને દૂધના ગ્રેડ મુજબ નાણાં ચુકવવામાં આવશે.
(૭) વર્ષ આખરે દૂધના આખરી ભાવની રકમ સંઘમા આવેલા સારા દુધની કિંમત ઉપર મળશે.
(૮) દૂધ મંડળીઓને ચુકવવામાં આવતા કમીશન નો સમાવેશ મુળ ભાવમાં કરેલ હોઈ દૂધ મંડળી ને જેતે ગ્રેડ મુજબ રકમ ચુકવવામાં આવશે.

આપનો વિશ્વાસું,
ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી.

(signature)
મેનેજીંગ ડીરેકટર

નકલ રવાના:– (૧) જનરલ મેનેજર (સોસાયટી/માર્ક)
(૨) જનરલ મેનેજર (હિસાબ)
(૩) મેનેજર (પ્રોડકશન)
(૪) મેનેજર (સીસ્ટમ)

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી
........ દૂધ ઉત્પાદક સહ.મંડળી લી.
તા.જી. ગાંધીનગર

Scanned by CamScanner